અપીલ અરજી નં.૧૫૭ તા.૬–૭–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રફીક સૈયદ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રફીક સૈયદની તા.૨૧–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ડી. પી. એ. નંઃ૨૧૭, તા. ૧૪/૮/૦૮વાળી રજુ થયેલ વિકાસ પરવાનગી વાળી ફાઈલમાં તા.૨૦/૫/૧૧ સુધી શું કાર્યવાહી કરવામાં આવી અને કયા વાંધા વચકા લેવામાં આવેલ તેની પૂર્તતા કરવામાં આવી તેની વિગત ઝેરોક્ષ કોપી સહિત તથા જવાબ આપવા મહેરબાની કરશો. માહિતી તા.૧/૧/૧૦ થી તા.૨૦/૫/૧૧ સુધીમાં દરેક દસ્તાવેજી તથા ફાઈલમાં અધિકારીએ આપેલા અભિપ્રાયો ( નોટીસ) સહિતના જે તે ખર્ચે આપવા મહેરબાની કરશો, (લે–આઉટ સહિતના) વિ.મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૬–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૫૭/૨૦૧૧–૧૨

શ્રી રફીક સૈયદની તા.૨૧–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ડી. પી. એ. નંઃ૨૧૭, તા. ૧૪/૮/૦૮વાળી રજુ થયેલ વિકાસ પરવાનગી વાળી ફાઈલમાં તા.૨૦/૫/૧૧ સુધી શું કાર્યવાહી કરવામાં આવી અને કયા વાંધા વચકા લેવામાં આવેલ તેની પૂર્તતા કરવામાં આવી તેની વિગત ઝેરોક્ષ કોપી સહિત તથા જવાબ આપવા મહેરબાની કરશો. માહિતી તા.૧/૧/૧૦ થી તા.૨૦/૫/૧૧ સુધીમાં દરેક દસ્તાવેજી તથા અધિકારીએ આપેલા અભિપ્રાય સહિતના જે તે ખર્ચે આપવા મહેરબાની કરશો, (લે–આઉટ સહિતના) વિ.મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી આપવા બાબતે ડે. કમિ.(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટી.ડી.ઓ./૧૦૯ તા.૨૧/૬/૧૧થી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૪ તા.૧૪–૭–૧૧ થી ડે.કમિ . (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા.૨૧–૫–૧૧ના પત્ર અન્વયે ફી ભર્યા બાદ માહિતી મળી કે કેમ ? જો તે મળેલ હોય તો મળ્યા બાદ શું નારાજગી છે તે મુદ્દા વાર આધાર સહ સ્પષ્ટ કરવા તથા મુળ અરજીની ફી ભર્યાની વિગત–રસીદની વિગત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૭ તા.૧૦–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૨૮૪ તા.૨૪–૫–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ,અરજદારને આપેલી માહિતી અગે પત્ર નં.ટીડીઓ/૧૦૯ તા.૨૧–૬–૧૧ ના પત્રની નકલ, અરજદારને પત્ર નં.ટીડીઓ/૧૭૭ તા.૩૦–૭–૧૧ થી મુદ્દા નં.૨ થી ૫ ની માહિતી પૂરી પાડયા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં તા.૨૭–૭–૧૧ નો પત્ર, તા.૨૪–૬–૧૧ ના રોજ દસ્તાવેજ ફી ના ભરેલ રૂા.૧૧૫૦ રસીદ નં.૩૯૫૨૧૮ ની નકલ , મુળ અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૦૯ તા.૨૧–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. પરંતુ અરજદારે પૂરક પત્રમાં મુળ અરજીની ફી ભર્યાની વિગત અને રસીદ રજૂ કરવા જણાવેલ હોવા છતાં રજૂ કરેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પણ અરજી ફી ની વિગત રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૧–૫–૧૧ ની અરજીથી ડી. પી. એ. નંઃ૨૧૭, તા. ૧૪/૮/૦૮ની વિકાસ પરવાનગી બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી નગર નિયોજક સુરત મહાનગપાલિકાને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ડે.કમિ. (પીએન્ડડી) કક્ષાએથી પત્ર નં.ટીડીઓ/૧૦૯ તા.૨૧–૬–૧૧ થી દસ્તાવેજ ફી ભરવા જણાવતો પત્ર અરજદારને આપવામાં આવેલ. જે બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૬–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. તેમજ પાંચ મુદ્દામાં માંગેલ માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પત્ર નં.ટીડીઓ/ ૧૭૭ તા.૩૦–૭–૧૧ થી અરજદારને વિલંબથી મુદ્દા નં.૨ થી ૫ ની માહિતી પણ પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ડી. પી. એ. નંઃ૨૧૭, તા. ૧૪/૮/૦૮વાળી રજુ થયેલ વિકાસ પરવાનગી વાળી ફાઈલમાં તા.૨૦/૫/૧૧ સુધી શું કાર્યવાહી કરવામાં આવી અને કયા વાંધા વચકા લેવામાં આવેલ તેની પૂર્તતા કરવામાં આવી તેની વિગત ઝેરોક્ષ કોપી સહિત તથા જવાબ આપવા મહેરબાની કરશો. માહિતી તા.૧/૧/૧૦ થી તા.૨૦/૫/૧૧ સુધીમાં દરેક દસ્તાવેજી તથા અધિકારીએ આપેલા અભિપ્રાય સહિતના જે તે ખર્ચે આપવા મહેરબાની કરશો, (લે–આઉટ સહિતના) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી અન્વયે ડીપીએ/૨૧૭ તા.૧૪–૮–૦૮ થી રજૂ થયેલ વિકાસ પરવાનગી માંગતી ટીપી સ્કીમ નં.૩૦ (રાંદેર) ફા.પ્લોટ નં.૧૪૬ પૈકી વાળી પ્લાન અરજીની ફાઈલમાં ૧–૧–૧૦ થી તા.૨૦–૫–૧૧સુધીના તમામ દસ્તાવેજો, પેપર્સ રીપોર્ટ અગાઉ મંજુર તેમજ સૂચિત પ્લાનોની નકલો રૂા.૧૧૫૦/– (અંકે રૂપિયા એક હજાર એકસો પચાસ પૂરા) દિન–૩ માં શહેર વિકાસ વિભાગ કચેરીએ જમા કરાવ્યેથી ઉપલબ્ધ કરાવી શકાશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૩૯૫૨૧૮ તા.૨૪–૬–૧૧ થી શહેર વિકાસ વિભાગમાં દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ જણાય છે જેની નકલ તા.૨૦–૭–૧૧ ના રોજ અરજદારે મેળવેલ હોવાનું પૂરક વિગતોમાં જણાવેલ છે. (૨) અમારા તરફથી તા.૨૧–૩–૧૧ ના રોજ કરેલ ઈન્સ્પેકશનથી અમને જાણવા મળેલ કે હાઈકોર્ટે અરજદારને એનઓસી આપી છે તે માટે સોસા.ની એનઓસીની જરૂર નથી. એવો કોઈ ઓર્ડર

હાઈકોર્ટ આપેલ છે જેની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સોસા. ધ્વારા એન.ઓ.સી. રજૂ થયેલ નથી. પરંતુ હાઈકોર્ટના તા.૧૭–૭–૦૮ ના ચૂકાદાને આધિન અરજદારોએ શહેર વિકાસ વિભાગમાં વિકાસ પરવાનગીની મંજુરી અર્થે પ્લાનો રજૂ કરેલ છે. ઉકત નામદાર હાઈકોર્ટના ચૂકાદાની નકલ બાબતે તેમને શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/આ.નં. ૧૦૯ તા.૨૧–૬–૧૧ થી જણાવ્યા મુજબની તમામ નકલોમાં શહેર વિકાસ વિભાગ કક્ષાએથી તા.૨૦–૭–૧૧ થી પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૩) ૨૧–૩–૧૧ માં ફાઈલ ઈન્સ્પેકશનમાં જાણવા મળ્યું છે કે આજ દિન સુધી અરજદાર પાસેથી જમીનનો વેરાબીલ, ખુલ્લી જમીનનો ફોટા માંગવામાં આવ્યા નથી તેનું શું કારણ તેનો ખુલાસો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિકાસ પરવાનગી શહેર વિકાસ વિભાગમાં રજૂ થયેલ ફાઈલમાં જી.ડી.સી.આર. મુજબ વેરાબીલ, ફોટોગ્રાફસ રજૂ કરવાની પ્રથા નથી. તેવું જણાવેલ છે. (૪) ડીપીએ ૨૧૭ માં જે વિકાસ પરવાનગી માંગવામાં આવી છે તે જગ્યા તા.૩–૭–૧૯૮૧ માં સીઓપી તા.૧૭–૧–૦૨ માં ટીડીઓ /૧૫૯ થી ઈમ્પેકટ ફી રીવાઈઝ પાસ કરેલ છે તેમાં ખોટા પ્લાન મુકી ઈમ્પેકટ ફી મંજુર કરેલ છેઅને ટીડીઓ/૩૧૫૫ તા.૧૧–૧૦–૦૭ ના રોજ શહેર વિકાસ અધિકારીએ રદ કરેલ છે. અને તેમ છતાં એ જ પરિસ્થિતિ આજે પણ એમને એમ છે. તો તા.૧૪–૮–૦૮ થી આજ દિન સુધી શા માટે જે તે અધિકારી ફાઈલ ચલાવી રહયા છે શું એમને લાભ થાય છે? પરિસ્થિતિ જોઈને કે જે જગ્યામાં નથી શા માટે પ્લાન મંજુર કરવામાં રસ દાખવે છે તેનો ખુલાસો કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શહેર વિકાસ વિભાગમાં રજૂ થતી વિકાસ પરવાનગી માંગતા નવા કે રીવાઈઝડ પ્લાનો અન્વયે જી.ડી.સી.આર. ના નિયમોને આધીન મંજુરીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તેવું જણાવેલ છે. (૫) નામદાર કોર્ટે ૧ ઓરલ ઓર્ડર કરેલ છે તેમ છતાં ડીપી ૨૧૭ માં એક પાર્ટી એનો પ્લાન પાછો ખેંચી લે છે તો બાકીની ફાઈલ શું આધાર પર ચલાવી રહયા છે તેનો ખુલાસો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શહેર વિકાસ વિભાગમાં રજુ થયેલ ફાઈલમાં અરજદાર/પ્લોટ હોલ્ડર ધ્વારા યુનીટ નં.૬૦ માં વિકાસ પરવાનગી મંજુર કરવા ન માંગતા હોઈ, અરજી પાછી ખેંચી લીધેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૬–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૫ મુદ્દાની માંગેલ માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે તેમજ તા.૨૭–૭–૧૧ ના પત્રથી મારા પાંચ મુદ્દાઓ હતાં તેનો જવાબ મને તા.૨૧–૬–૧૧ ના રોજ ટીડીઓ / નં.૧૦૯ થી ફકત એકજ મુદ્દાનો આપવામાં આવ્યો તેનાથી અમને સંતોષ નથી જયારે દસ્તાવેજ ચાર્જના નાણા રસીદ નં.૩૯૫૨૧૮ તા.૨૪–૬–૧૧ ના રોજ ભરેલ પરંતુ તેની માહિતી ૨૦–૭–૧૧ ના રોજ મળેલ જે કાયદા વિરુધ્ધ છે. જે મને સમય મર્યાદામાં મળેલ નથી તેથી ભરેલી ફી પરત મળવાની રજૂઆત કરેલ છે. તથા બાકીના મુદ્દાનો જવાબ વિગતવાર આપવાની રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્રમાં અન્ય વિગત અરજી ફી ભર્યાની વિગત રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીના માહિતી પ્રત્યુત્તરમાં અરજીની તારીખ ૨૧–૫–૧૧ જણાવેલી ધ્યાને લેવામાં આવે તો દિન–૩૦ ની અવધિ તા.૧૯–૬–૧૧ ના રોજ પૂર્ણ થાય. જાહેર માહિતી અધિકારીનો દસ્તાવેજ ફી ભરવા જણાવતો પત્ર તે પછીનો જોતાં કાયદાની કલમ–૭(૩) અન્વયે તે સુસંગત નથી. તે જોતાં કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતી આપવા જોગ થાય. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પત્ર નં.ટીડીઓ/૧૭૭ તા.૩૦–૭–૧૧ થી અરજદારને મુદ્દા નં.૨ થી ૫ ની નહીં મળેલી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૧/૫/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ બાબતે અરજી ફી ની તારીખથી દસ્તાવેજ ફી ભરવા જણાવતો સમય અવધિ બહારનો પત્ર ધ્યાને લેતાં તે અંગે પણ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની જોગવાઈ અનુસરી તેની જાણ અત્રે કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિભાગ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રફીક સૈયદ,